**Publication / Language: Divya Bhaskar / Gujarati**

**Headline: Gold recycling up by 50 per cent**

**Edition: Surat**

**Date: 24th November, 2010**

**Coverage –**

# સોનાની ઝમકે રિસાઈકલિંગ કામકાજમાં ૫૦ ટકાની વૃદ્ધિ

બીરજુ શાહ . અમદાવાદ

સોનાના ભાવમાં કોરિયા જેવી ઘટના તેજીનું પ્રેરક બળ બનશે અને આગામી દિવસોમાં સોનું પાછું વધીને ૧૩૮૭ ડોલર સુધી પહોંચી શકે છે. દરમિયાન સ્થાનિકમાં સોનાના ઊંચા ભાવને કારણે રિસાઈકલિંગ કામકાજમાં ૫૦ ટકા જેવો મોટો વધારો થયો છે. સોનાના વધતા ભાવની સાથે સ્ક્રેપ કામકાજમાં પણ વધારો થયો છે.

દેશના ટોચના બુલિયન વેપારી રિદ્ધિસિદ્ધિ બુલિયન્સ લિ.ના ડિરેક્ટર મુકેશ કોઠારીના જણાવ્યા પ્રમાણે દેશમાં સોનાના ઊંચા ભાવને કારણે રિસાઈકલિંગ બિઝનેસને મોટો વેગ મળ્યો છે. જે રીતે ભાવ વધી રહ્યા છે તેને કારણે સ્થાનિક નાનાથી મધ્યમ વેપારીઓને નવું કામકાજ મળ્યું છે. હાલમાં દિવાળીમાં મોટા કામકાજ રહ્યા હતા અને તેમાં ૫૦ ટકા સુધીનો વધારો થયો હોવાનું જોવાયું છે. સોનાના ઊંચા ભાવને કારણે નવા ખરીદનારાઓમાં જૂનું વેચીને નવું લેવાનું અથવા જૂના દાગીના તોડીને નવી ઘડામણ કરવાનું પ્રમાણ વધ્યું છે.

કોરિયામાં અશાંત સ્થિતિને કારણે સોનાના ભાવને વધવામાં ટેકો સાંપડશે. અમેરિકાએ ત્યાંની ઈકોનોમીને મજબૂત કરવા લીધેલા પગલાંને કારણે ડોલર મજબૂત થશે એવી પ્રાથમિક શક્યતાની અસર સોનાના ભાવ પર જોવાઈ નથી, ઉપથી ડોલરની નબળાઈ પાછળ સોનામાં ફરી સળવળાટ જોવાયો છે. સોનામાં હાલ ઊંચામાં ૧,૩૮૭ ડોલર પ્રતિકારક અને નીચામાં ૧,૩૩૦ સપોર્ટ લેવલ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૧૧માં સોનું ૧,૪૫૦- ૧,૫૦૦ ડોલરની વચ્ચે પહોંચશે. ભારતમાં સોનાની માગ સારી રહેવાની સંભાવના છે. આગામી સપ્તાહમાં સોનાના ભાવમાં મોટી મૂવમેન્ટ જોવાશે એમ જણાવીને તેઓએ ઉમેર્યું હતું કે કોમેક્સમાં આજે ઓકશનો દિવસ છે અને આવતા સપ્તાહમાં વર્તમાન કોન્ટ્રેક્ટનો છેલ્લો દિવસ આવશે. સ્થાનિક કોમોડિટિઝ એકસચેન્જમાં પણ વલણનો છેલ્લો દિવસ રહેશે.

## દેશાવરોના ભાવ (રૂ.)

| શહેર | ભાવ | વધ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૨૦,૫૦૦ | ૧૫૦ |
| નવી દિલ્હી | ૨૦,૬૦૦ | ૧૭૦ |
| કોલકત્તા | ૨૦,૫૪૫ | ૧૩૦ |
| મુંબઈ | ૨૦,૨૩૫ | ૧૪૫ |